વિધ્યા સહાયક યોજના
**સ્ત્રી વિધ્યાસહાયકોને પ્રસુતિ રજા.**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સચિવાલય,ગાંધીનગર

ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૧૯૯-ઇએમ-૧૦૭૩-ક,
તારીખઃ-૨૨-૧૦-૨૦૦૩.

સંદર્ભ :-

૧. નાણા વિભાગનો તા ૮-૨-૧૯૯૮ નો ઠરાવ ક્રમાંક પીજીઆર-૧૦૯૮-૧૭-એમ
૨. શિક્ષણ વિભાગનો તા. ૧૧-૬-૯૮નો ઠરાવ ક્રમાંકઃ- પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-૧૦૨૭(૯૮)-ક
૩. શિક્ષણ વિભાગનો તા ૧૬-૯-૨૦૦૦ નો પત્ર ક્રમાંક પીઆરઇ-૧૧૯૯-ઇએમ-૧૦૭૩-ક

ઠ રા વ :-

ઉપર આમુખમાં સંદર્ભ-(૨) માં જણાવેલ શિક્ષણ વિભાગનાં તા ૧૧-૬-૧૯૯૮ ના ઠરાવથી જિલ્લા પંચાયતો, અધિકૃત નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓની પ્રાથમિક શાળામાં વિધ્યાસહાયકોની ભરતી કરવાની યોજના અમલમાં મૂકી છે. સંદર્ભ-(૩) માં જણાવેલ શિક્ષણ વિભાગના તા ૧૬-૯-૨૦૦૦ ના પત્રથી સ્ત્રી વિધ્યાસહાયકોને પ્રસુતિના હેતુસર બે માસની બીનપગારી રજા મંજૂર કરવાની મંજૂરી આપવામાં આવી છે. સ્ત્રી વિધ્યાસહાયકોને સરકારી કર્મચારીની જેમ જ પ્રસુતિની રજા મંજૂર કરવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે સરકાર ઠરાવે છે કે સંદર્ભ-(૧) માં જણાવેલ નાણા વિભાગના ઠરાવની જોગવાઇઓ અને તેમાં વખતોવખત થયેલ સુધારા વધારાને આધિન સ્ત્રી વિધ્યાસહાયકોને પ્રસુતિની રજા મંજૂર કરવાની રહેશે.

આ ઠરાવનો અમલ સદર ઠરાવ રવાના થયાની તારીખથી કરવાનો રહેશે.

જે સ્ત્રી વિધ્યાસહાયકો હાલ પ્રસુતિની રજા પર હોય અને અત્રેના સંદર્ભ (૩) માં જણાવેલ પત્રની સૂચના મુજબ બીનપગારી રજા પર ચાલુ હોય તેઓને પણ આ ઠરાવનો લાભ નાણા વિભાગ ના સંદર્ભ (૧) ના ઠરાવ મુજબ નિયત મળવાપાત્ર રજાઓની મર્યાદામાં આપવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૫-૧૦-૨૦૦૩થી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બચુભાઇ નાયી )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
-માન. મંત્રીશ્રી, શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-સચિવશ્રી, પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-વિકાસ કમિશ્નરશ્રી, ગુ.રા., ગાંધીનગર.
-નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુ.રા., ગાંધીનગર.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ. (પ્રાથમિક શિક્ષણ નિયામક મારફત)
-તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ. (પ્રાથમિક શિક્ષણ નિયામક મારફત)
- સર્વે શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ. (પ્રાથમિક શિક્ષણ નિયામક મારફત)
-નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા., ગાંધીનગર
-માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
-શિક્ષણ વિભાગની ચ અને ન શાખા
-સીલેક્ટ ફાઇલ